# કોરોના સંક્રમણથી બચવા આયુર્વેદ-હોમીયોપેથી દવાઓને પ્રાથમિકતા આપતા નાગરિકો

**ક્વોરંટાઇન કરાયેલા ૯૧,૩૪૧ વ્યક્તિઓએ આયુર્વેદ-હોમીયોપેથી ઉપચાર પદ્ધતિ અપનાવી**

ગાંધીનગર,તા. ૨૫

કોરોના સંક્રમણથી બચવા ભારતીય પરંપરાગત ચિકિત્સા પધ્ધતિ અપનાવવામાં આવી રહી છે અને તે ખૂબ કારગત સાબિત થઈ રહી છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા ઘરગથ્થુ ઉપચારો તથા આયુર્વેદ અને હોમીયોપેથી દવાઓને વધુને વધુ નાગરિકો પ્રાથમિકતા આપી રહ્યા છે. કોરોના સંક્રમિત દર્દીઓના સંપર્કમાં આવેલા વ્યક્તિઓ કે જેમને ક્વોરંટાઈન કરાયેલા છે તે પૈકી ૯૧,૩૪૧ વ્યકિતઓએ આયુર્વેદ - હોમીયોપેથી ઉપચાર પદ્ધતિ અપનાવી છે. આશ્ચર્યજનક બાબત એ છે કે ક્વોરંટાઈન વ્યક્તિઓમાં જે ૯૧,૩૪૧ લોકોએ આયુર્વેદ - હોમીયોપેથી ઉપચાર પદ્ધતિ અપનાવી હતી તે પૈકી માત્ર ૧૫ દર્દીઓના જ રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે, જે તમામ ૧૫ દર્દીઓએ ત્રણ દિવસથી પણ ઓછો સમય આ રોગ પ્રતિકારક શક્તિવર્ધક દવાઓનું સેવન કર્યું હતું.

નોવેલ કોરના વાયરસ (Covid-19)નું સંક્રમણ હાલ સમગ્ર વિશ્વમાં વ્યાપી ગયુ છે જેને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા મહામારી જાહેર કરવામાં આવી છે. કોરોના (Covid-19)ના સંક્રમણથી વિશ્વભરની આખી માનવજાત પીડાઈ રહી છે ત્યારે શરીરની કુદરતી રોગ પ્રતિકારક શકિતને વધારવી એ મહત્વપૂર્ણ બાબત બની ગઈ છે. આપણે બધા જાણીએ છીએ કે શ્રેષ્ઠ આરોગ્ય જાળવવામાં Prevention is better than cure એટલે કે બીમાર થયા બાદ સારવાર કરતા પૂર્વ સંભાળ લેવીએ અત્યંત અનિવાર્ય છે. દેશના વડાપ્રધાનશ્રીએ લોકડાઉન દરમ્યાન ભારતના પ્રજાજનોના આરોગ્યની ચિંતા કરી આયુષ મંત્રાલય સાથે આયુર્વેદ તજજ્ઞો સાથે પરામર્શ કરી ભારતીય પરંપરાગત ચિકિત્સા પધ્ધતિ સૂચવેલા ઘરગથ્થુ ઉપચારો કરવા તથા આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે ઉપાયો સૂચવ્યા છે જેનો મહત્તમ ઉપયોગ કરવા આરોગ્ય અગ્ર સચિવ ડૉ.જયંતિ રવિએ જણાવ્યું છે.

ગુજરાત સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત આવેલ આયુષ પ્રભાગ દ્વારા આયુર્વેદ અને હોમીયોપેથીના નિષ્ણાંતોની મદદ લઈને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ.જયંતિ રવિ સાથે પરામર્શ કર્યા બાદ આયુષની માર્ગદર્શિકા તૈયાર કરી પ્રસિધ્ધ કરાઈ છે.

ડૉ.રવિએ ઉમેર્યુ કે, કોરોના સંક્રમણથી બચવા રોગ પ્રતિકારક શકિત વધારવી એ જ ઉત્તમ ઔષધ અને શ્રેષ્ઠ ઉપચાર છે. રાજ્યમાં દોઢ મહિનામાં ૧.૧૮ કરોડ ઉકાળા, ૩.૦૮ લાખ શમશમવટી અને ૮૨.૭૧ લાખ આર્સેનીકમ આલ્બમ -૩૦ પોટેન્સી હોમિયોપેથી દવાઓનું વિતરણ કરાયું છે.

# અસરકારક પગલાઓના કારણે કોરાનાની ગતિ અને વ્યાપ પર નિયંત્રણ રાખી શકાયો : ડો. જયંતી રવિ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં સરકારી અને ખાનગી લેબોરેટરીઓ સહિત કૂલ -૨૧ લેબોરેટરી કાર્યરત છે. જયાં પ્રતિદિવસ ૩૦૦૦ જેટલા RTPCR કોરોના ટેસ્ટ કરવાની ક્ષમતા છે અને આ ક્ષમતા પ્રમાણે ગુજરાત અસરકારક રીતે કોરોના ટેસ્ટ કરી રહ્યું છે. શુક્રવાર સાંજે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન ગુજરાતમાં કુલ ૩૦૨૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. એમ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. શ્રીમતિ જયંતી રવિએ જણાવ્યું હતું.

એટલું જ નહીં રાજ્યભરમાં અસરકારક રીતે હાથ ધરવામાં આવેલા રેપિડ એન્ટીબોડી ટેસ્ટમાં પણ ગુજરાતે ખૂબ સારી કામગીરી કરી છે. શુક્રવાર સાંજ સુધીમાં ગુજરાતમાં ૩૨૮૦ રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ડૉ. શ્રીમતી જયંતી રવિએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસ નું સંક્રમણ અભુતપૂર્વ છે. માનવજાતિએ અગાઉ ક્યારેય પણ નહીં કલ્પેલા કે નહીં અનુભવેલા કોરોના વાયરસે આજે વિશ્વના ૨૧૦ દેશોમાં વ્યાપ વિસ્તાર્યો છે. ભારતના ૩૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોનાએ પગપેસારો કર્યો છે.

ગુજરાતના ૩૦ જિલ્લાઓમાં કોરોનાનું સંક્રમણ પહોંચ્યું છે, આમ છતાં મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી ના



દિશા નિર્દેશો અને સમગ્ર વહીવટી તંત્ર ને મળી રહેલા તેમના માર્ગદર્શન થી અસરકારક પગલાં અને લૉકડાઉનના કડક અમલને પરિણામે આજે પણ ગુજરાતના જુનાગઢ, અમરેલી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં કોરોનાનું સંક્રમણ નથી પહોંચી શક્યું.

એનો અર્થ એ નથી કે આ જિલ્લાઓને આપણે કોરોનાથી હંમેશને માટે મુક્ત રાખી શકીશું પરંતુ આવા અસરકારક પગલાંને પરિણામે આપણે ગુજરાતમાં કોરોનાની ગતિ ધીમી પાડી શક્યા છીએ અને એનો વ્યાપ વધવાની ક્ષમતા પણ નિયંત્રિત કરી શક્યા છીએ. એમ તેમણે કહ્યું હતું.

તેમણે જણાવ્યું કે, કોરોનાની આ મહામારી સામેની માનવ જાત ની લડાઈ ઘણી લાંબી છે. હજુ લગભગ બે મહિના સુધી આ લડાઈ આપણે લડવાની છે એટલે હજુ આપણે સોશિયલ ડિસ્ટન્સ અને સ્વચ્છતાની બાબતોને તથા આપણી રોગ પ્રતિકારક શકિત વધારવાની બાબતમાં સખત ધ્યાન આપવાની આવશ્યકતા છે. આ બાબતે સહેજ પણ બેફિકરાઈ ચાલી શકે તેમ નથી, અને લોકોની બેજવાબદારી પણ માનવજાત સામે મોટા જોખમ ઊભા કરી શકે તેમ છે. સખત ધ્યાન રાખીને આપણે કોરોનાના સંક્રમણની ગતિને અવરોધી શકીશું, એટલું જ નહી કોરોનાના દર્દીઓની સંખ્યા પણ નિયંત્રિત કરી શકીશું.

અન્ય દેશો અને ભારતના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત કોરોના ટેસ્ટમાં ક્યાંય પાછળ નથી. ગુજરાતની જે એવરેજ છે તેમાં પણ ગુજરાત અન્ય રાજયોની બરોબરીમાં છે. ટેસ્ટ પર મિલિયન એટલે કે પ્રતિ ૧૦ લાખ નાગરિકોએ અમદાવાદ મહાનગરપલિકા વિસ્તારમાં સરેરાશ ૨૭૦૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજયની સરેરાશ જોઇએ તોપ્રતિ ૧૦ લાખે ગુજરાતમાં ૭૨૧ ટેસ્ટ થયા છે. ભારતની આ સરેરાશ ૩૯૨ ટેસ્ટની છે.એમ ડો. રવિ એ ઉમેર્યું હતું.

## જન્મદિને વધામણી



ઉષાબેન પંઢરીનાથ જગતાપ
મો. ૯૮૨૪૦ ૦૯૯૯૭



**પુરોહિત મોતીલાલ ધનારામજી**
રેડક્રોસ સોસાયટી, માણસા



**પુરોહિત મોનાબેન મોતીલાલ**
રેડક્રોસ સોસાયટી, માણસા



**કડિયા સુધાબેન દિનેશભાઈ**
રેડક્રોસ સોસાયટી, માણસા



**માળી વર્ષાબેન રમેશભાઈ**
રેડક્રોસ સોસાયટી, માણસા



ગાંધીનગર સિવિલમાં બ્લડની જરૂર પડતા જય વોરા અને કિંજલ મહેતાએ રક્તદાન કરી ઉત્તમ સેવા કાર્ય કર્યું હતું.

# આઈઆઈટી ગાંધીનગર ફેકલ્ટી સભ્યો દ્વારા વર્ચુઅલ સેમિનાર સીરીઝ શરૂ

**સેમિનારોનું આયોજન બિન-નિષ્ણાત શ્રોતાઓને ધ્યાનમાં રાખીને કરાયું છે, જેમાં ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, એન્જિનિયરિંગ અને હ્યુમેનિટીઝના રસપ્રદ વિષયોનું વિસ્તૃત વર્ણન કરાશે**

ગાંધીનગર,

વૈશ્વિક કોરોનાવાયરસ રોગચાળો અને તેને કારણે થયેલા લોકડાઉન દરમિયાન શૈક્ષણિક પ્રવાહ વહેતો રાખવાના વ્યાપક ઉદ્દેશ સાથે, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) તેના ફેકલ્ટી સભ્યો દ્વારા ૨૪ એપ્રિલ, ૨૦૨૦થી વર્ચુઅલ સેમિનાર સીરીઝ શરૂ કરી રહ્યું છે. આ પરિસંવાદો વિવિધ વિષયોને આવરી લેશે અને સામાન્ય પ્રેક્ષકો માટે સુલભ થઈ શકે તેવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

સંસ્થાએ દર સોમવાર અને શુક્રવારે ૪ થી ૫: ૧૫ દરમિયાન એમ દર અઠવાડિયે બે સેમિનારનું આયોજન કર્યું છે, જે ઉનાળાના વેકેશનના અંત સુધી ચાલુ રહેશે. સેમિનારના રસપ્રદ વિષયોમાં બ્લેક હોલ ફિઝિક્સ, નેનો ટેકનોલોજી, નાગાઓની સંસ્કૃતિ અને પરંપરા, માનવીઓ અને વાયરસ વચ્ચેનો સંબંધ, કાચના મટીરીયલ્સના ગુણધર્મો, ભારતની ભાષાઓ અને લીપીઓ, ફ્લૂઇડ મિકેનિક્સ વગેરેના આકર્ષક પાસા સામેલ છે. સેમિનારો નીચે આપેલ વેબ લિંક પર લાઇવ-સ્ટ્રીમ કરવામાં આવશે:

https://stream.meet.google.com/stream/f8c49644-a8dc-4f8e-b2f5-b4dca12e17bd

પ્રોફેસર સુદીપ્તા સરકાર, આ સેમિનાર સિરીઝના સંયોજક અને ફેકલ્ટી વક્તાઓમાંના એકએ જણાવ્યું કે, ‘‘જ્યારે આ રોગચાળાએ વિશ્વભરની તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓને અવરોધિત કરી છે, ત્યારે આ સંકટ આપણને નવી પધ્ધતિઓની ચકાસણી કરવાની અનન્ય તક પૂરી પાડે છે, જે આપણે પહેલાં ક્યારેય કરી ન હતી. અમે ઓનલાઈન પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વિવિધ નવીન શૈક્ષણિક કાર્યક્રમોની યોજના બનાવી રહ્યા છીએ. આ પરિસંવાદ શ્રેણી દ્વારા અમે સંકટ સમયે દરેકને ઉપયોગી બૌદ્ધિક સાધન પ્રદાન કરવાનું લક્ષ્ય રાખ્યું છે.’’

# નાની છોકરી પણ કોરોના વોરિયર તરીકે ચિત્ર દોરી કોરોના વાયરસ માટેની જાગૃત્તિની કામગીરી કરી રહી

ગાંધીનગર, તા. ૨૫

હાલમાં જયારે કોરોના વાયરસની મહામારી આખા વિશ્વમાં ચાલી રહી છે ત્યારે નાના બાળકો પણ કોરોના વાયરસ મહામારી માટે પોતાના વિચાર ચિત્ર બનાવીને પ્રસ્તુત કરી રહ્યા છે એવી સરસ કામગીરી રંગોલી ઈન્ટરનેશનલ, ગાંધીનગર સ્કૂલમાં ભણતી શ્રી યાશી સિલાવટ પણ કરી રહી છે રોજ ટી.વી. અને અન્ય સંચાર માધ્યમોમાં કોરોના વાયરસની મહામારી વિષેની માહિતી જોઈ પોતાના વિચાર તેમની ચિત્રકલા દ્વારા રજુ કરી રહી છે હાલમાં રંગોલી ઈન્ટરનેશનલ, ગાંધીનગર સ્કૂલમાં જૂમ એપ દ્વારા નિયમિત વર્ગોનું આયોજન થઈ રહયું છે અને સ્કૂલના સંચાલકો, આચાર્ય અને અધ્યાપકો પણ વિધાર્થીઓને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા કોરોના વાયરસની મહામારી વિષે જાગરુક કરી રહ્યા છે અને આ વિધાર્થીઓ વચ્ચે વધારે આ મહામારી વિષે માહિતીગાર થાય અને સમજણ વધે તેના માટેની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન પણ સ્કુલ તરફથી કરવામાં આવી રહ્યો છે તે સંદર્ભમાં તેમને એક ચિત્ર બનાવવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવી



રહ્યું છે ત્યારે યાશી સિલાવટ દ્વારા તેમની માતા શ્રી પૂજા સિલાવટના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી એક સરસ પોસ્ટર બનાવવામાં આવ્યું છે અને તેને સોશલ મીડિયા ઉપર શેર પણ કરવામાં આવ્યું છે આ પોસ્ટરમાં માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોક ડાઉનમાં અનુરોધ કરેલી જરૂરી સાત વાતો એટલે સપ્તપદીનું ઉલ્લેખ ખુબજ સરસ રીતે ચિત્ર દોરી લોકોને સમજાવવામાં આવ્યું છે જેવા કે વૃદ્ધ લોકોની કેયર, સોશલ ડિસ્ટન્સનું ધ્યાન રાખવું, લોકોમાં આયુષ મંત્રાલય દ્વારા આપેલી રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટેની માહિતી પ્રસરવું, મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવો, ગરીબોની સહાય, પોતાના કર્મચારી પ્રત્યે લાગણી અને ડોક્ટર-નર્સ-સફાઈકર્મીઅનેપોલીસને રેસપેક્ટ આપવોયાશી સિલાવટના આ સરસ વિચાર માટે તેમની માતા પૂજા સિલાવટ અને પિતા નીરજ સિલાવટ ખુબજ અભિનંદન આપ્યું છે વિશેષમાં તેમના પિતા ડૉ. નીરજ સિલાવટને રાષ્ટ્રીય સેવા યોજનામાં ઉત્તમ કામગીરી બદલ ભારત સરકાર દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ ડૉ. પ્રણબ મુખર્જીના હસ્તે વર્ષ ૨૦૧૫-૧૬માં રાષ્ટ્રપતિ ભવનના દરબાર હાલમાં રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળી ચુક્યો છે.

# કોરોના સામે લડવા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના એન.સી.સી. કેડેટ્સ સ્વયંસેવક તરીકે જોડાયા



ગાંધીનગર, તા. ૨૫

કોરોના ની મહામારી સામે રાત-દિવસ ફરજ બજાવતા પોલિસ જવાનો ને રાહત આપવા ના હેતુ થી ડીજી એન.સી.સી. દ્વારા ‘‘એન.સી.સી. યોગદાન’’ નામનો કાર્યક્રમ શરુ કરવામા આવ્યો છે. ૨ ગુજરાત Indep Coy.,સેકટર ૧૫, ગાંધીનગરની સંકળાયેલ કોલેજ જેવી કે ગવર્મેંટ કોમર્સ કોલેજ , ગાંધીનગર અને શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી , વાસન ના ૧૭ જેટલા એન.સી.સી. કેડેટ્સ વોલન્ટરી જોડાયા છે. તા. ૧૩-૪-૨૦૨૦ થી ૧૯/૪/૨૦૨૦ સુધી ૨૧ સેકટર પોલિસ સ્ટેશન ના હદ ના વિસ્તારો જેવા કે સેકટર



૩૦, ચરેડી, ક-૭,ક-૬, ક-૫ વગેરે જેવા નાકા પર એન.સી.સી. કેડેટ્સે એક હેલ્પીગ હેંડ તરીકે પોલિસ જવાનો સાથે સેવા બજાવી નાગરિકોને ઘરની બહાર નીકળતા અટકાવવા મા મદદ કરી હતી.

ત્યારબાદ તા.૨૧/૪/૨૦૨૦ થી ૨૧ સેકટર પોલિસ સ્ટેશનના હદના વિસ્તારોમા બાઈક પેટ્રોલિંગ અને વેન પેટ્રોલિંગની ફરજ બજાવી રહિયા છે. પેટ્રોલિંગ ની આ ડ્યુટી મા એન.સી.સી. કેડેટ્સ રાહ્દારી નાગરિકોને માસ્ક પહેરવાનુ મહત્વ અને હાથ ને સેનેટાઇઝ કરવાનુ મહત્વ સમજાવે છે અને બિનજરુરી રીતે બહાર નીકળવાનુ ટાળવાનુ કહી રહીયા છે. તા. ૧૩/૪/૨૦૨૦ થી ૨૫/૪/૨૦૨૦ સુધી ચાલનારા આ સેવા કાર્ય મા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ના એન.સી.સી. કેડેટ્સ વાઘેલા શુભમ, સિસોદિયા વિશવેંદ્રસિહ, અને પરમાર મેહુલ ,કોલેજ તરફ થી ચાલતા ઓનલાઈન લેકચર તથા ઓનલાઈન મીડ પરીક્ષા પણ આપી રહિયા છે અને એન.સી.સી ની ફરજ પણ બજાવી રહિયા છે.

આ ઉપરાંત કોલેજ ના એન.સી.સી. ઈનચાર્જ લેફનંટ (પ્રો.) રસિક તન્ના એન.સી.સી ની ફરજ સાથે સાથે કેડેટ્સ અને પોલિસ જવાનો ને તા.૧૩-૪ થી દરરોજ ઈમિન્યુટી બુસ્ટર ના ફોમ મા સ્પેશયલ ઉકાડો પિવડાવી રહિયા છે.

કોલેજના એન.સી.સી. કેડેટ્સ તથા એન.સી.સી. ઈનચાર્જ લેફનંટ રસિક તન્ના ની આ નિઃસ્વાર્થ સેવા, કેમ્પસ ના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુ તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ બિરદાવી છે.

પ્રેરણા થી શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ના એન.સી.સી. કેડેટ્સ તથા કોલેજ ના એન.સી.સી. ઈનચાર્જ લેફનંટ રસિક તન્ના આ કાર્યક્રમમા જોડાયા ૧૩-૪-૨૦૨૦ થી શરુ કરાયેલી આ નિઃસ્વાર્થ સેવા ડીજી એન.સી.સી. ના આદેશ થી ૨ ગુજરાત Indep Coy.,સેકટર ૧૫, ગાંધીનગર યૂનિટ સાથે

# અશ્વિનભાઈ ત્રિવેદીને સામાજિક સેવાના ભાગરુપે સર્ટીફીકેટ એનાયત

ગાંધીનગર,તા. ૨૫

સમસ્ત વિશ્વ અત્યારે કોરોનાની મહામારી થી પીડાઈ રહ્યું છે ત્યારે ભારત અને ખાસ કરીને ગુજરાત માંપણ કોરોના ની મહામારી ફેલાઈ છે. આજના લોકડાઉન ના સમયમાં વ્યાપાર - ઉદ્યોગો પણ બંધ છે ત્યારે ગરીબ વર્ગ જે રોજનું રોજ કમાઈને ખાતો હોય




તે વર્ગ પણ અત્યંત ચિંતિત છે.ત્યારે ગાંધીનગર શહેરમાં અગ્રગણ્ય સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા રાશન કીટ , ગરમ ભોજન જેવી વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. એવા જ એક વ્યક્તિ શહેરમાં ખ્યાતનામ ધારાશાસ્ત્રી, લેખક અને શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ ત્રિવેદી અને મિત્રો દ્વારા શહેરમાં ઠેર ઠેર ગરમ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમજ રાશન કીટ અને મેડિકલ કીટનું પણ વિતરણ કરવામાં આવેલ. જેની નોંધ લઈને લંડનની વર્લ્ડ રેકોર્ડ પબ્લિશિંગ કંપની દ્વારા કોરોના મહામારીમાં સામાજિક સેવા ના ભાગેરૂપે તેમને સિર્ટીફીકેટ આપીને સેવા ને બિરદાવી હતી. નગરના અગ્રણીઓએ અશ્વિનભાઈ ને તેમની સેવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

# આ અઠવાડિયામાં આકાશમાં બનનારી ખગોળીય ઘટનાઓ

ગાંધીનગર, તા. ૨૫

લોક ડાઉનને કારણે ઘરમાં રહીને લોકો પોતાની મનગમતી પ્રવૃતિઓ કરીને સમય પસાર કરી રહ્યા છે ત્યારે ખગોળ શોખીનો પણ પોતાના ઘરની અગાશી કે આંગણામાંથી આકાશની લટાર મારવા નીકળી પડતા હોય છે. લોક ડાઉનનો સીધો ફાયદો પ્રકૃતિને થયો છે. આકાશ સ્વચ્છ થયું છે.

શહેરોમાં પણ આકાશના તારાઓ સ્પષ્ટ નજરે ચડી રહ્યા છે ત્યારે આજે આ અઠવાડિયામાં આકાશમાં બનનારી કેટલીક ખગોળીય ઘટનાઓ વિષે વાત કરીએ. સૌ પ્રથમ કેટલાક ગ્રહોની વાત કરીએ, વહેલી સવારે પૂર્વ દિશામાં ગુરુ, શનિ અને મંગળનો નઝારો જોવા જેવો છે. સૂર્યમાળામાં પૃથ્વી બાદના નરી આંખે દેખાતા ત્રણ ગ્રહો એક સાથે જોવા મળે છે. રાત્રે ત્રણ વાગે આ ત્રણેય ગ્રહો હાજરી પુરાવા આવી જાય છે. પરંતુ એટલું વહેલું ન ઉઠાવું હોય તો પાંચ વાગ્યાથી ઉષાની લાલીમાં ફેલાય નહિ ત્યાં સુધી આ ત્રણેય ગ્રહો જોવા મળશે. પ્રશ્ન છે તેમને ઓળખવાનો, તો પાંચ વાગ્યાની આસપાસ પૂર્વથી ખાસ્સે ઉંચે એક ચળકતો પદાર્થ દેખાશે તે ગુરુ છે. ગુરુ બ્રહસ્પતી કે જ્યુપિટરના નામથી પણ ઓળખાય છે. તેની થોડે નીચે શનિ દેખાશે, શનિ નરી આંખે દેખાતો સૌથી દુરનો ગ્રહ છે. તા. ૨૩ એપ્રિલના તે સૌથી વધારે પ્રકાશિત હશે. ગુરુ



અને શનિની બરોબર નીચે રતાશ પડતો મંગળ પણ દેખાશે. પૃથ્વીના બે પાડોશી ગ્રહ મંગળ અને શુક્ર પૈકી વહેલી સવારે પૂર્વ દિશામાં મંગળ જોવા મળે છે જયારે શુક્ર સમી સાંજે સુર્યાસ્ત બાદ પશ્ચિમ આકાશમાં ખુબજ પ્રકાશિત સ્વરૂપે દેખાઈ રહ્યો છે. સુર્યાસ્ત બાદ પશ્ચિમ બાજુ સૌથી ચમકતો પદાર્થ શુક્ર તરત જ તમારી નજરે ચડશે.

આ ઉપરાંત જેને ખરતા તારા જોવા હોય તેમણે ૨૨ અને ૨૩ એપ્રિલના સવારે ૪ થી ૫-૩૦ દરમિયાન પ્રયત્ન કરવો જોઈએ. કલાકની દશ ઉલ્કાની અપેક્ષા છે પરંતુ આપણી આશાની પૂર્તિ માટે તો એક ઉલ્કા પણ પુરતી છે!! લૈરીડ તરીકે ઓળખાતી આ ઉલ્કા વર્ષા લગભગ ૨૫૦૦ વર્ષ જૂની છે. અભિજિત નક્ષત્ર જેમાં આવેલું છે તે વીણા તારા મંડળ આ ઉલ્કા વર્ષાનું કેન્દ્ર છે. ઉલ્કા વર્ષા જોવા માટે કોઈ ખાસ દિશા તરફ જોવું જરૂરી નથી પરંતુ આકાશના જે ભાગમાં વધારે અંધારું લાગતું હોય તે દિશા તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

જેમને ઈન્ટર નેશનલ સ્પેસ સ્ટેશન જોવું છે તેમણે ૨૩ અને ૨૪ તારીખે વહેલી સવારે પ્રયત્ન કરવો જોઈએ. મહાકાય સ્પેસ સ્ટેશન ૨૩ તારીખે સવારે ૫-૩૮ થી ૫-૪૪ દરમિયાન નૈઋત્ય થી ઈશાન તરફ જતું દેખાશે. અને ૨૪ તારીખે વહેલી સવારે ૪-૫૩ થી ૪-૫૭ દરમિયાન અગ્નિ થી ઈશાન તરફ જતો દેખાશે. આ સમય કચ્છના છે પણ સમગ્ર ગુજરાતમાં થોડી સેકન્ડોને બાદ કરતાં વધારે તફાવત આવશે નહિ. આમ આ બે દિવસો દરમિયાન જેઓ ગુરુ, શની, મંગળ જોવા વહેલા ઉઠશે તેમને બોનસ સ્વરૂપે સ્પેસ સ્ટેશન પણ જોવા મળશે!!

૨૪ એપ્રિલથી વૈશાખ માસની શરૂઆત થશે. સાંજે બીજનો ચંદ્ર જોવા માટે થોડો પ્રયત્ન કરવો પડશે આકાશ સ્વચ્છ હશે તો દેખાવાની પ્રબળ શક્યતા છે. જો ચન્દ્ર દર્શન થશે તો મુસ્લિમ મિત્રોનો પણ રમજાન માસનો પ્રારંભ થશે. ૨૫મી તારીખે સાંજે ચંદ્ર કૃતિકા યુતિ થશે, ૨૬મીની સાંજે ચંદ્ર રોહિણી અને શુક્રની વચ્ચે હશે જે દ્રશ્ય પણ જોવા જેવું હશે. તારીખ ૨૬ અને ૨૭ દરમિયાન ચંદ્ર શુક્રની પાસે દેખાવાનો હોઈ દિવસ દરમિયાન ચંદ્રની બાજુમાં શુક્રને પણ ધોળે દિવસે જોવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આમ તો આકાશમાં રોજ કંઈક ને કંઈક નવું થતું જ હોય છે. પ્રકૃતિ દિને દિને નવમ્ નવમ્ હોય છે આપણી દ્રષ્ટિ એ નાવિન્યને પામવાની હોય તો ઘણું બધું જાણી શકાય. આપના વિચારો, નિરીક્ષણની નોંધ પ્રશ્નો સ્ટાર ગેઝીંગ ઈન્ડિયાને ૯૪૨૮૨૨૦૪૭૨, અથવા ૯૮૭૯૫૫૪૭૭૦ ઉપર મોકલી શકો છે.